
# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૧૭ • તા.૬ જૂન થી ૧૨ જુલાઈ ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## કેનેડાના ઈતિહાસમાં પ્રથમવાર જાણીતા ઉદ્યોગપતિ

## હેમંત શાહ લોડાયા કેનેડાની હોસ્પિટલના બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં વરાયા

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સ્વાર્થ સ્વને અંધ બનાવે છે

જીવન એ અર્થનો મહાસંગ્રામ છે, જે સ્વાર્થ અને નિઃસ્વાર્થ વચ્ચેનો છે. આ બંન્ને અર્થ વચ્ચેનો સંઘર્ષ છે. પ્રત્યેક વ્યક્તિ પોતાનો મતલબ જોઈ બીજાની સાથે વ્યવહાર કરે છે. આ રાગ, અનુરાગ, મત અને મતાંતરની તો હઠ અને જડ માન્યતાની લડાઈ છે. સ્વાર્થની સંકુચિત ભાવના વ્યક્તિને ન કરવાનું કરાવે છે. સ્વાર્થએ સ્વનું લોભ છે જે વ્યક્તિઓને અંધ બનાવી તેને ન કરવાનું કરાવે છે. આ સ્વાર્થ વ્યક્તિ કે સંબધિત જણ સાથેનો સ્નેહ, પ્રેમ, લાગણી ભાઈબંધી જેવી ભાવનાનો પણ લોપ કરી માત્ર પોતાનું હિત આગળ વધારે છે.

સ્વાર્થ સંકુચિત ભાવનાનો વિસ્તાર કરાવે છે. જેમાં સગાઓનો સ્નેહ સૂકાઈ જાય છે, સ્નેહીઓ વચ્ચે ઊંચી દીવાલો ચણાઈ જાય છે. ગાઢ અને અતૂટ મૈત્રી તૂટીને જમીન દોસ્ત થાય છે. વર્ષોના વર્ષથી વિશ્વાસથી ચાલતા વ્યવહાર ખોડંગતા થઈ વેર વિખેર થઈ જાય છે. પહેલાં જેઓની દીર્ઘ દ્રષ્ટિ હતી તે હવે સીમિત દ્રષ્ટિથી જોતા થઈ જાય છે. પોતાના લાભ અને મતલબ સ્વાર્થ અને સ્વભાવના સિવાય તેને બીજું કંઈ દેખાતું નથી કે દેકાતું હોય છે. તે પ્રત્યે તેઓ તુચ્છ ભાવના દર્શાવી નજર અંદાજ કરે છે. આ ચતુરાઈનો ચક્વ્યુહ એક દિવસ તેમને જ ચક્કરમાં લઈ તેનો વિનાશ કરે છે.

પોતાનો સ્વાર્થ સાકાર થાય એ માટે અસત્ય અનીતિ, દુરાચાર અને કપટનો આશરો લઈ પોતાનો કક્કો ખરો થાય એ હિતરાખીને પોતાના વર્તન ના વહાણનો સુકાન ફેરવે છે અને પોતે ધાર્યુ છે, જે નિર્ધાયુ છે તે કિનારે લાંગરે છે. આને તે સફળતા સમજે છે પણ એ પતનનો પાયો છે. એ તેને દેખાતુ કે સમજાતું નથી તે માત્ર પોતાનો માર્ગ કંડારે છે. શ્રદ્ધા અને વિશ્વાસના તાંતણે આ જગતનો વ્યવહાર ચાલે છે. જ્યાં સત્ય સદાચાર અને સંનિષ્ઠભાવના પ્રર્વતે છે. ત્યાં ચિત પ્રસન્તા અનુભવે છે અને ત્યાંજ કોઈનો વિશ્વાસ બંધાય છે.

જિંદગીમાં સંબંધોનો સરવાળો કરીએ ત્યારે તેના લાભ ગુણાકાર થઈ આપણને પ્રાપ્ત થાય છે. પણ, સ્વાર્થ આ ગણિતને પણ ખોટા પાડી સંબધોના સરવાળાને ભાગાકારમાં બદલી કાઢી આપણું જ નુકસાન કરે છે. સ્વાર્થની સંકુચિત ભાવનાને લીધે જીવનમાં ઘણું બધું ગુમાવી દઈએ છીએ જેમાં સંબંધ, વિશ્વાસ, સ્નેહ, લાગણી મૈત્રી, મિલકત વિગેરે છે. નાની નાની વસ્તુઓના સ્વાર્થ પસંદ કરે એ તેની ટૂંકી સમજણ છે. સંકુચિત મનોવૃત્તિ મનોવૃતિ છે. પલ, શિક્ષિત, જ્ઞાની અને સમજુ ઈન્સાન જો આ રસ્તો અપનાવે એ તેની માટે અધોગતિનો પથ છે. જે આખરે તેને વિનાને આરે લઈ જાય છે. માટે વિચારવંત વ્યક્તિ નીતિમય પરોપકારી અને ઉદારવૃત્તિ ધરાવી આદર્શ આચાર ધર્મનું પાલન કરી પોતાના સંસ્કારનું સંવર્ધન કરી કલ્યાણ માર્ગને કંડારે જીવનને સાર્થક કરે.

– જ્ઞાતિમૈયા

# માપવાનો અને તોલવાનો સ્વભાવ બદલાવીએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

મહાપુરૂષોની વાણી અમૂલ્ય હોય છે તેવી જ રીતે તેમનું મૌન પણ આપણા માટે મોંઘેરૂં બની રહે છે. સંતો જરૂર પૂરતું બોલે છે. જ્યારે આપણે જે આવે તે બોલ્યાં કરીએ છીએ. આપણે જે કાંઈ મનમાં આવે તે બોલ્યાં કરીએ છીએ. આપણી પાસે બોલવા માટે વિષયોની કોઈ કમી હોતી નથી. બોલનારા કરતાં સાંભળનારા બહુ ઓછા હોય છે. માણસ પોતાની આપવડાઈ કરવામાં પ્રવીણ હોય છે. પોતાના સુખ, વૈભવની, કિસ્મતની, બહાદુરી-બુધ્ધિ ચાર્તુયને આવડતની વાત વારંવાર દોહરાવ્યા કરીએ છીએ. આપણી વાત દ્વારા બીજાઓ પ્રભાવિત થાય એવો સતત પ્રયાસ આપણો રહે છે. પોતાના વિશે જ્યારે વાત કરીએ છીએ. ત્યારે જાણ્યે અજાણ્યે અહંકાર ડોકિયા કરતો હોય છે. આપણે જ્યારે આપણી વાત કરતાં હોઈએ છીએ ત્યારે મોટા ભાગે બીજીઓને માટે તેનો કોઈ અર્થ હોતો નથી. આમ છતાં લોકો કાન માંડીને સાંભળે છે, એકચિતથી સાંભળે છે ત્યારે આપણે પોરસાઈએ છીએ તેને વાતમાં રસ પડી રહ્યો છે. હકીકતમાં જે લોકો બોલી શકતા નથી તેઓ સતત સાંભળતા રહે છે. સાંભળનારને આપણી વાતમાં કોઈ રસ હોતો નથી. પણ લોકો એ લાગ જોતા રહે છે કે સામાવાળાની વાત બંધ થાય એટલે કંઈ બોલીએ તેઓ મોકો શોધી રહ્યાં હોય છે કે તક મળે એટલે વાતનો જવાબ આપીએ.

ઘણા લોકોને બોલતા તો આવડતું નથી તેમ ચૂપ રહેતાં પણ આવડતું નથી. અસ્વસ્થ ચિત હોય ત્યારે ચૂપ રહેવાનું ઘણું મુશ્કેલ બની રહે છે અને સ્વસ્થ ચિત્ત હોય ત્યારે બોલવાનું કઠિન બને છે. પણ મન શાંત થઈ જાય ત્યારે બોલવાનું પ્રયોજન કોઈ રહેતું નથી. પ્રેમ, જ્ઞાન અને આનંદની મસ્તી હોય પછી કશું બોલવાનું રહેતું નથી. માણસ દુઃખમાં હોય ત્યારે બોલતો રહે છે. મન પ્રસન્ન હોય, માણસ સ્વસ્થ હોય ત્યારે તેને પોતાના શરીરનો ખ્યાલ રહેતો નથી. તેની તમામ ક્રિયાઓ સ્વભાવિક બની જાય છે. માથું દુઃખે છે ત્યારે માથાનો ખ્યાલ આવે છે. પગમાં કાંટો વાગે ત્યારે પગનો ખ્યાલ આવે છે. પગરખા બરાબર માપસર હોય તો કોઈ વાતે વાંધો ન આવે પણ જો ડંખે ત્યારે પગમાં થતી પીડાનો તરત ખ્યાલ આવી જાય છે. જે સ્વભાવિક હોય છે તે આનંદપ્રદ હોય છે પણ જે અસ્વાભાવિક હોય છે તે દુઃખદાયક બને છે.

માણસ જ્યારે સ્વસ્થ્ય હોય છે ત્યારે શરીરને આત્મા શાંત બને છે.વિવાદના સ્થાને સંવાદ સર્જાય છે. માણસ અંતરમાં ઊતરે તો તેને બહાર કશું શોધવાનું રહેતું નથી. અત્યંત દુઃખ પરિસ્થિતિમાં મૂકાય ત્યારે જ ગળે ડૂમો બાઝી જાય છે. શબ્દો બહાર નીકળી શકતા નથી. અત્યંત આનંદમાં ભાવવિભોર બની જવાય ત્યારે શબ્દો આંસુ બનીને સરકી પડે છે. આનંદ વ્યક્ત કરવા માટે ભાષાની, શબ્દોની જરૂર પડતી નથી જે કહેવાનું હોય તે ભાવ દ્વારા પ્રગટ થઈ જાય છે. બહુધા લોકોનો સ્વભાવ હોય છે. તેઓ માત્ર તોળવાનું ને માપવાનું કામ કરે છે. તોળવાનું એટલે બીજાની સાથે પોતાની સતત સરખામણી કરતાં રહેવાનું અને માપવાનું એટલે આપણાથી ચડિયાતા હોય તેનું સુખ, તેની સમૃધ્ધિ, તેને મળેલ પદ પ્રતિષ્ઠાનો માપ કાઢી પોતાની પાસે તુલના કરતાં રહેવાનું. અહીં તો શેરની ઉપર સવા શેર આવેલા છે. આપણે અમુકથી આગળ હોઈશું તો કોક આપણાથી અનેક ઘણા વધુ આગળ હોવાના જ તો સરખામણી શાને કરવી?


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Stamp Franking Facility Available



*We under take franking work*

**in MULUND, BORIVALI & VASHI BRANCH**

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Mulund (West) | Borivali (West) | Vashi |
|---|---|---|
| 86526 30382 | 86526 30390 | 86526 30387 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**



SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# કેનેડાના ઈતિહાસમાં પ્રથમવાર જાણીતા કેડીઓ ઉદ્યોગપતિ હેમંત શાહ લોડાયા કેનેડાની હોસ્પિટલના બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં વરાયા



કેનેડાના વીનીપેગની ૧૫૦ વર્ષ જૂની સેન્ટ બોનફાઇસ હોસ્પિટલના બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં પ્રથમ ગુજરાતી અને મૂળ કચ્છના અબડાસાના વરાડીયાના અને છેલ્લાં પાંચ દાયકાથી કેનેડાના વીની પેગમાં રહેતા જાણીતા કચ્છી-ગુજરાતી કેડીઓ જ્ઞાતિના જાણીતા બિઝનેસમેન હેમંતભાઈ મૂળજી શાહ (લોડાયા) ગુંદરવાલાની વરણી કરવામાં આવી છે.

આ વરણી બાદ કેનેડા ભારતના ટ્રેડમાં પાંચ દાયકાથી યોગદાન આપનારા શ્રી શાહે જણાવ્યું કે, આ નિમણૂક થવી ગર્વની વાત છે. આ હોસ્પિટલ મારા માટે દિલથી નજીક એટલે છે કે, ત્રણ વર્ષ પહેલાં આ હોસ્પિટલમાં મને નવો જન્મ મળ્યો અને પછી ૩૦ દિવસ હોસ્પિટલમાં સારવાર માટે રહ્યો હતો. સાજા થયા બાદ વોલેન્ટિયર તરીકે ને ઋણ ચૂકવવાની ભાવના સાથે કાર્યવાહી ચાલુ કરી અને હોસ્પિટલ મેનેજમેન્ટ, હેલ્થકેર વર્કર, ડૉક્ટરને શું તકલીફ પડે છે, પેશન્ટને શું તકલીફ પડે છે, તે જોયું અને સુધારા અંગે ધ્યાન દોરતો હતો. હવે કેનેડાના વીનીપેગની હોસ્પિટલના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં આવ્યા પછી મારું ધ્યાન એ જ રહેશે કે, કેવી રીતે પેશન્ટ ડોક્ટર અને હેલ્થ કેર ટીમની આત્મીયતા વધે, હોસ્પિટલને નવા ઇક્વિપમેન્ટ ટેક્નોલોજીની શું જરૂર છે, તેની ડોનેશન ડ્રાઇવ કરીશું.

તેમણે ઉમેર્યું કે, કેનેડામાં આપણા ભારતીય ડોક્ટરોની ટીમ ઘણી છે. ત્રણ વર્ષ પહેલાં મારી મોટી બીમારી સમયે કેનેડામાં મારું હાર્ટ ઓપરેશન કરનારા ડોક્ટર મુંબઈના મહારાષ્ટ્રીયન હતા. ગુજરાતમાં ઘણા નિષ્ણાત ડોક્ટર છે, તો કેનેડાના વિનીપેગની બોન ફાઇસ હોસ્પિટલ અને ભારત, ગુજરાતની મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ સાથે જોડાણ કે સહયોગ કરે. ટેક્નોલોજી અને રિસર્ચ અહીં કેનેડામાં છે અને ભારતમાં પણ છે, તેનું અરસપરસ આદાન-પ્રદાન કરે. માતૃભૂમિને ફાયદો થાય અને કર્મભૂમિને પણ ફાયદો થાય એ બાબતે ધ્યાન કેન્દ્રિત કરાશે.

જે હોસ્પિટલમાં મને જીવતદાન મળ્યું છે, તેમાં મને બોર્ડ ઓફ ડાયરેક્ટરમાં નિમણૂક અને બીજી ૧૦થી ૧૨ હેલ્થ કેર ફેસિલિટીઝમાં સ્થાન મળ્યું છે, એક-એક ગુજરાતી માટે ગર્વની વાત છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**


| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# વીરચંદ પાશ્વીર મૈશેરીની મહારાષ્ટ્ર રાજ્ય ક્લાસ ઓનર્સ એસોશિએશનના મંત્રીપદે નિમણુંક થઈ



સર એકેડેમી ડોંબિવલીના સંવાહક નાની સિંધોડી-ડોંબિવલીના વીરચંદ પાશ્વીર દેવજી મૈશેરીની મહારાષ્ટ્ર રાજ્ય ક્લાસ ઓનર્સ એસોશિએશનના માનદમંત્રી પદે વરણી થઈ છે. MCOA એ મહારાષ્ટ્ર રાજ્યભરના કોચિંગ ક્લાસ માલિકોનું સંગઠન છે. આ નિમણુંક પામવા બદલ વીરચંદ સરને હાર્દિક અભિનંદન.

# સુરત નગરે પ.પૂ.સાધ્વી શ્રી કનકગુણાશ્રીજી મ.સા. આદિઠાણાનો ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશની ઝલક





# કેડીઓ સ્ટુડન્ટ એસોસિએશન મુંબઈ દ્વારા નોટબુક વિતરણ યોજના ૨૦૨૪ સંપન્ન

શ્રી કચ્છી દશા ઓસવાલ વિદ્યાર્થી સંઘ મુંબઈ દ્વારા દેશભરના જ્ઞાતિ વિદ્યાર્થીઓને રાહત દરે માત્ર રૂ.૨૦૦ પ્રતિ ડઝન દીઠ નોટબુકોનું વિતરણ તા.૨૨ જૂન શનિવારથી સમગ્ર મુંબઈ ઉપનગરો જેવાં કે ડોંબિવલી, મુલુંડ, ભાંડુપ, ઘાટકોપર, વડાલા, મસ્જિદ, નવી મુંબઈ, થાણા, કાંજુરમાર્ગ અને વેસ્ટર્ન ઉપનગરમાં તથા ભારતભરના ૨૧ શહેરોમાં જ્ઞાતિ વિદ્યાર્થી ઓને વિદ્યાર્થી સંઘ દ્વારા નક્કી થયેલ ધારાધોરણ પ્રમાણે મેમ્બરશીપ રીસીપ્ટ, માર્કશીટ, ફી રસીદ ફરજિયાત લાવનારને વધુમાં વધુ ૨ ડઝન પ્રતિ વિદ્યાર્થીને નોટબુક અપાઈ હતી.

મુંબઈ ઉપનગરોમાં પ્રત્યેકમાં ૧૦૦ ડઝન અને દેશાવર શહેરોમાં ૬૦૦ ડઝન મળી કુલ્લ ૨૨૦૦ ડઝન નોટબુકોનું વિતરણ થયું છે. આ નોટબુક વિતરણ યોજનામાં ૧૬૬ જેટલા ઉદારદિલ દાતાઓનો સહયોગ મળ્યો હતો. દેશના વિવિધ વિસ્તારના ૧૬૬ દાતાઓ પ્રતિવર્ષે અમૂલ્ય સહકાર આપી યોજનાને સધિયારો આપે છે. જેઓની વિદ્યાર્થી સંઘ અનુમોદના કરે છે. નોટબુક વિતરણ ડ્રાઈવ સુવ્યવસ્થિત રીતે ચારથી પાંચ દિવસમાં આટોપી લેવાઈ હતી.

શ્રી ગુણસાગરસૂરિભ્યો નમઃ : શ્રી સંભવનાથાય નમઃ : શ્રી મહાકાળીમાતાય નમઃ :

॥ શ્રી આર્ય - જય - કલ્યાણ - ગૌતમ - નીતિ - દાન - નેમ - ગુણ - ગુણોદય - કલા - કવી - વીર - મહોદય સૂરિભ્યોઃ નમઃ ॥

શ્રી સંઘ સ્થાપના ૧૯૭૨

# શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘ

## મંગલમય ચાતુર્માસ પ્રવેશ

❖ દિવ્ય કૃપા : રાષ્ટ્રસંત, ભારતદિવાકર શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ. સા.

❖ દિવ્યાશિષ : તપચક્ર-ચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

❖ જ્યોતિષાચાર્ય પ. પૂ. આ. ભ. શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ. સા.

❖ આજ્ઞા-આશિષ : સાહિત્યદિવાકર, રાજસ્થાન દક્ષિણ-દિપક, અચલગચ્છાધિપતિ

પ. પૂ. આ. ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ. સા.

❖ મંગલ શુભેચ્છા : અજોડ શાસનપ્રભાવક, સળંગ ૨૪ મા વર્ષીતપના આરાધક પ. પૂ. આ. ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા.

❖ આગમદિવાકર પ્રશમરસનિધિ, પ. પૂ. આ. ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ. સા.

તપચક્ર-ચક્રવર્તી, જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ.

શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા. ના શિષ્ય

પ. પૂ. મુનિ શ્રી આગમોદયસાગરજી મ. સા. અને

મધુર કંઠી પ. પૂ. મુનિરાજ શ્રી મેઘરક્ષિતસાગરજી મ. સા. ના શિષ્ય

પ. પૂ. મુનિ શ્રી મહોત્સવરક્ષિતસાગરજી મ. સા. આદિ ઠાણા ૨ (બે)નું

**સામૈયું શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયથી વાજતે ગાજતે થશે.**

કૃષ્ણ નિવાસ, સક્કર પંચાયત હોલની બાજુમાં, વડાલા (વે.), મુંબઈ ૪૦૦ ૦૩૧.

: પ્રવેશ :
અષાઢ સુદ ૭
તા. ૧૨-૦૭-૨૦૨૪
શુક્રવાર

: સમય :
સવારના
૬.૩૦ કલાકે

❖ પ્રવેશ બાદ દર્શન વંદન અને ત્યારબાદ પૂજ્યશ્રી ઉપાશ્રયમાં માંગલીક ફરમાવશે ❖

❖ સકળ શ્રી સંઘને આ પાવન પ્રસંગે પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે ❖

લિ. શ્રી વડાલા અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓ

શુભ સ્થળ

શ્રી સંઘનું શ્રી ધનજી રાયમલ દેઢીયા ફરાદીવાલા દર્શન ઉપાશ્રય હોલ, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ અને શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન જ્ઞાતિ ટેરેસ હોલ

શ્રી સંભવનાથ ભગવાન ચોક, શ્રી જૈન દેરાસર લેન, વડાલા (વે.), મુંબઈ-૪૦૦ ૦૩૧. ફોન : 9076105668

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| ૦૬ જુલાઈ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. જૈન દેવલાલી-નાસિક રોડ સેવાભાવી સંઘ આયોજિત શ્રી મહાકાળી માતાજીની ભક્તિ ભાવના. બપોરે ૨.૩૦ કલાકથી લાભાર્થી મા. ચંદનબેન પ્રતાપભાઈ વિશનજી ધરમશી, સુથરી |
| ૬/૭ જુલાઈ ૨૦૨૪ | નલિયામાં બિરાજમાન નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે સમૂહ પહેડી અને ભક્તિ ભાવના. |
| ૦૭ જુલાઈ ૨૦૨૪ | શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ આયોજિત પરમાત્મા ભક્તિ, માતૃ પિતૃ ભક્તિ, તપસ્વીઓની અનુમોદના તથા સરસ્વતી સન્માન |
| ૧૩ જુલાઈ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. પશ્ચિમ એકમ દ્વારા વાપીમાં આયોજિત એક વિશિષ્ટ ઈવેન્ટ: Kdo Development Ocean |
| ૧૪ જુલાઈ ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બીવલી આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૧૪ જુલાઈ ૨૦૨૪ | નલિયામાં બિરાજમાન ખોના પરીવારના કુળદેવી સચ્ચાઈ માતાજીને નમતા ભાવિકોની નલિયા મુકામે પહેડી. |
| તા.૮થી ૧૦ ઓગસ્ટ ૨૦૨૪ | શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી જિનાલય, વરાડીયા ૧૨૨ માં ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ. મુખ્ય લાભાર્થી શ્રી વરાડીયા વહુ - રાણી ગ્રુપ |
| તા.૦૯ સપ્ટેમ્બર ૨૦૨૪ | શ્રી ક.દ.ઓ.જૈન મહાજન, ભુજ દ્વારા આયોજિત પખાવાજ સાંજે ૬.૦૦ કલાકથી એકમ ભવન, ભુજ. |
| તા. ૭ થી ૯ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન. વારાપધર સ્થાને. |


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## નલીયા તીર્થ મધ્યે પ.પૂ.સા.શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી નવકારગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સા. શ્રી ચંદ્રગુણાશ્રીજી મ.સા. ના ચાતુર્માસ પ્રવેશની ઝલક



## ગોરેગામ (વેસ્ટ) સંઘમાં પ.પૂ.સા.શ્રી સમકિતગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ નો ચાતુર્માસ પ્રવેશ સંપન્ન થયો તેની ઝલક




|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રવર્તક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ) પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોદ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**

**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**

**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

સૌજન્યઃ માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી-કચ્છ)

# Anumodana

## Sanjivani Case - 141

**Name:Mrs. Dhanlaxmi Navinchandra Momaya, Age : 67 yrs. Village: Sayera (Haal: Mulund)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri KDO Sayera Jain Mahajan | 50,000.00 |
| Shri D.B.K.D.O. Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher (Silent Donor) | 51,000.00 |
| Well Wisher (Silent Donor) | 50,000.00 |
| Matushri Bhachibai Meghji lalji Meisheri Parivaar, Jakhau - Bellari | 11,500.00 |
| Shri Nirmal Nitin Raval, Vadodara | 11,000.00 |
| Shrimati Khammaben Haresh Khona, Naliya - Sion | 11,002.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shri Vipul Sharadchandra Momaya, Ahmedabad | 5,000.00 |
| Shrimati Yogita Dhirish Dharamshi, Bijapur(Bangalore) | 5,000.00 |
| Shrimati Jayshreeben Navin Jain, Bayath - Mulund | 5,000.00 |
| Shrimati Sonal Dhiren Meisheri, Kuvapadhar - Vadodara | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 4,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 2,500.00 |
| Shri Nilesh Karamsey Vikamsey | 2,000.00 |
| Shri Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 2,000.00 |
| Shrimati Sarla Lalji Velji Lodaya, Varapadhar - Dombivli | 2,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 1,500.00 |
| Shri Bharat Thobban Lodaya, Calicut | 1,001.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Shri Ravi Navin Shah | 1,000.00 |
| Shri Pomesh Hirachand Momaya, Sayera - Ghatkopar | 1,000.00 |
| Matushri Sarlaben Gangajar Momaya, Sayera - Chennai | 1,000.00 |
| Shri Nitin Raychand Sayla, Suthari - Bhandup | 1,000.00 |
| Shrimati Zaverchand Tokarshi Lalka, Ghatkopar | 1,000.00 |
| Shri Jitesh Sharadchandra Momaya, Adipur | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 142

**Name:Mrs. Damyantiben Arvind Lodaya, Age : 68 yrs. Village: Nani Khavdi (Haal: Thane)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 30,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Masjidbunder jain Sangh, Mumbai | 2,500.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Jain Gnati Mahajan , Banglore | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,000.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,000.00 |
| Late . Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwr ) | 2,000.00 |
| Shree KDO Classic Foundation, Mumbai | 2,000.00 |
| Kumari Chandni Milan Maheshwari, Jakhau - Pune | 2,000.00 |
| Shrimati Hansha Shah,Naliya, Mahalaxmi ( H: Nirupamaben) | 2,000.00 |
| Well Wishers (Ek Sadgrahasth) | 2,000.00 |
| Shrimati Rita Manikant Lodaya | 2,000.00 |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,000.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,000.00 |
| Shri Shirishbhai Devji Nagda & Smt. Manishaben Shirish Nagda, Rangpur - Coimbatore ( H: Rahul & Aarti, Sandeep & Del | 2,000.00 |
| Master Vihaan Pratik Dand ( H: Hirahand Damji Dand - Manjal Reladia - Mumbai | 2,000.00 |
| Jakhau Ratnatunk Jain Temple & its Sadharan Fund Trust | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher (Silent Donor) | 1,01,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shrimati Leelavantiben Navinchandra Lodaya, Nani Khavdi - Coimbatore | 5,000.00 |
| Shrimati Neelamben Narendra Lalka, U.S.A. | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 4,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Well Wisher | 2,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Nitin Raychand Sayla, Suthari - Bhandup | 1,000.00 |
| Shrimati Hemlata Zaverchand Lalka, Ghatkopar | 1,000.00 |
| Shri Pomesh Hirachand Momaya, Sayera - Ghatkopar | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Shri Pradip Versi Sayla, Vapi | 500.00 |
| Previous Case No. 141 Balance | 16,303.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# Anumodana

## Sanjivani Case - 143

**Name:Mr. Rajesh Zaverchand Dand, Age : 43 yrs. Village: Sandhav (Haal: Lalpur)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji maharaj jain Temple & Its Sadharan Fund Trust, Mumbai | 10,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli - Mumbai | 35,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shri DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shri Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 4,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,500.00 |
| Shri KDO jain Gnati Mahajan, Gandhidham | 1,500.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500.00 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500.00 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500.00 |
| **Diamond Patron** | |
| Late Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Late Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,000.00 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,000.00 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,000.00 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,000.00 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,000.00 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 2,000.00 |
| Smt. Manorama Naresh B. Momaya ( H: Smt. AnaghaVikash Shah & Parag N. Shah) Naliya , Ghatkopar | 2,000.00 |
| Late Kum. Meetal Mahesh Lodaya ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapar Gadhwari, Ahmedabad | 2,000.00 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 2,000.00 |
| Late Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 2,000.00 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 2,000.00 |
| Shri Manish Hirji Shah, Sujapur, Dadar | 2,000.00 |
| Late Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family) Suthri , Ahmedabad | 2,000.00 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 2,000.00 |
| Shrimati Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 2,000.00 |
| Shrimati Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher (Silent Donor) | 1,01,000.00 |
| Shri Shamji Narshi Dand, Sandhav - Mulund | 25,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 20,000.00 |
| Shrimati Alpaben Gautam Dharamshi, Kothara - Bangalore | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shri Harish J. Lodaya, Raipur | 5,000.00 |
| Shrimati Pushpaben Hansraj Chatrabhoj Khona, Vapi ( Shree Sai Flexi Foils) | 5,000.00 |
| Shri Jitenbhai Hirachand Nagda, Naliya - Dubai | 5,000.00 |
| Shri Girish Raichand Shah | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 5,000.00 |
| Shrimati Jayshreeben Navin Jain, Bayath - Mulund | 5,000.00 |


| | |
|---|---|
| Shri Dhirish Javerchand Dharamshi, Bijapur | 5,000.00 |
| Well Wisher | 3,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shri Hitesh Laxmichand Soni | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Ek Sadgrahasth | 2,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda, Sujapur - Bhandup | 2,000.00 |
| Shri Nilesh Karamsey Vikamsey | 2,000.00 |
| Shri Pradipkumar Versi Sayla, Vapi | 2,000.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Raichur | 2,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Andheri | 1,000.00 |
| Shrimati Darshana Bharat Dagha | 1,000.00 |
| Shri Nitin Raychand Sayla, Suthari - Bhandup | 1,000.00 |
| Shri Nevil Bhadrichand Daulat | 501.00 |
| Shri Deepesh C. Shah | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Shri Shrikant B. Lodaya, Raichur | 500.00 |
| Well Wisher | 202.00 |

**Shree Samast KDO Jain Mahajan**


Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રદીપભાઈ ધરમશી**
તા.૩૦ જૂન (ઉ.૬૮)
સુથરી-શાહપુર



**ચંદુલાલ ધરમશી**
તા.૩૦ જૂન (ઉ.૭૫)
કોઠારા-નાગપુર



**મયૂરભાઈ પટેલ**
તા.૦૪ જુલાઈ (ઉ.૪૧)
નલિયા-હુબલી



**મંજુલાબેન મૈશેરી**
તા.૪ જુલાઈ (ઉ.૮૦)
લાલા-ડોંબિવલી

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**




● અદાણી ગ્રુપે કચ્છના મુંદરાથી મેટલ ઉદ્યોગ ક્ષેત્રના વ્યવસાયમાં વિધિવત શરૂઆત કરી છે. અદાણી જૂથની પેટા કંપની કચ્છ કોપર દ્વારા ગ્રાહકોને કેથોડસની પ્રથમ બેચ મોકલવા સાથે મુંદરા ખાતે આવેલા તેના ગ્રીન ફિલ્ડ કોપર રિફાઈનરી પ્રોજેક્ટના પ્રથમ યુનિટનો પ્રારંભ થયો. પ્રથમ તબક્કામાં .૫ એમટીપી એ ક્ષમતા સાથે કોપર સ્મેલ્ટર સ્થાપવા માટે લગભગ ૧.૨ અબજ ડોલરનું રોકાણ કરી રહી છે. બીજા તબક્કામાં પૂર્ણાહુતિ પર પણ સમાન ક્ષમતા ઉમેરાશે. કચ્છ કોપર ૧ એમટીપીએ સાથે વિશ્વનું સૌથી મોટું સિંગલ લોકેશન સ્મેલ્ટર બનશે. અહીં લગભગ બે હજાર પ્રત્યક્ષ અને પાંચ હજાર પરોક્ષ રોજગારીનું તકોનું સર્જન થશે.

● સમયના વહેણ સાથે ખાટલા લુપ્ત થવાને આરે છે. આધુનિકતાને ચાળે ચડી લોકો ખાટલાને દૂર કરી સોફા, સેટી કે પલંગ વસાવી રહ્યાં છે. અગાઉ કાથીની દોરીથી ખાટલો ભરાતો તે પછી કોટનના પટા ભરેલા રજવાડી ઢોલણી આવી ત્યાર બાદ પ્લાસ્ટીક રસ્સી, રાંઢવાથી ભરેલા ખાટલા વપરાતા થયા. જે હવે લુપ્ત થવાને કાંગરે છે. દોરડાની ગૂંથણી શરીરમાં રક્ત પરિભ્રમણ માટે ઉપયોગી તથા કમરના દુ:ખાવો સ્નાયુની ચંપી માલિશ કરી આપતી હતી એ ફાયદો આપોઆપ થતો હતો.

● રચનાત્મક અને પ્રાયોગિક સંગીત માટે તાજેતરમાં રાષ્ટ્રપતિ એવોર્ડ મેળવનાર મૂળ માંડવીના હાલમાં રાજકોટને કર્મભૂમિ બનાવનાર ઓસમાણ હુસેનભાઈ મીરનું માંડવીના કચ્છી મીર સમાજે સન્માન કરવાનો સમારોહ યોજ્યો હતો. તેમના સંગીતક્ષેત્રમાં પ્રદાન થકી સમસ્ત દેશ દુનિયામાં મીર સમાજનું નામ આદરથી લેવાઈ રહ્યું છે તેવી લાગણી વ્યક્ત થઈ હતી.

● માંડવી બંદરમાં વર્ષો પહેલા ૮૪ બંદરના વાવટા ફરકતા તે સમયે વહાણોની કેપેસિટી ૨૫૦ થી ૩૦૦ ટન સુધીની હતી. જ્યારે હાલમાં ૧૮૦૦થી ૨૦૦૦ ટનના વહાણો હોય છે. માંડવી પોર્ટમાં આજની તારીખમાં ૩૪૪ વહાણનું રજિસ્ટ્રેન થયેલું છે. જ્યારે સાત વહાણ બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

● અબડાસા તાલુકાના છેવાડે આવેલા કરમટા ગામમાં એક સમયે ઘર ઘર દૂધમાંથી માવા બનતા હતા. ત્યારે આજે એક ઘર રહ્યું છે. મુખ્યત્વે આ ગામમાં રબારી સમાજ વસવાટ કરે છે જે પશુપાલનનો વ્યવસાય કરે છે. અંદાજિત ૫૦ ઘરની વસ્તી છે. ગામમાં જ્યાં નજર નાખો ત્યાં દૂધમાંથી માવો બનવાનું કામ ચાલુ જ રહેતું અને લોકો દિવસ રાત મહેનત કરી અને સવારના વિવિધ ગામોમાં માવો લઈને પહોંચાડતા. આજુબાજુના કોઠારા, નલિયા, વાયોર, ભુજ, માંડવી સહિત શહેરી વિસ્તારમાં પણ માવાની ખપત રહેતી હતી. જે બધું ભૂતકાળ થઈ ગયું છે.

● ભૂકંપ બાદ વિસ્તારની દૃષ્ટિએ વિસ્તરેલા ભુજને આગામી સમયમાં મહાનગરપાલિકાનો દરજ્જો મળી શકે છે. રાજ્યના શહેર વિકાસ વિભાગે ભુજ સહિત રાજ્યની પાંચ નગરપાલિકાને મહાનગર પાલિકાનો દરજ્જો આપવા માટેની પ્રક્રિયા આરંભી છે. લોકસભા ચૂંટણીબાદ મહાનગર પાલિકાના દરજ્જાની સતાવાર જાહેરાત થાય તેવું માનવામાં આવી રહ્યું છે. ગાંધીધામને મહાનગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ હવે ભુજ નગરની માટેની પ્રક્રિયા આંરભાતા આગામી દિવસોમાં કચ્છને બીજી મહાનગરપાલિકાની ભેટ મળી શકે છે.

● અબડાસાના મોથાળા ગામે શિવ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહકારથી રૂા.૧૩ કરોડના વધુના ખર્ચે નિર્માણ પામનારી ધો.૧થી ૮ સુધીની અંગ્રેજી માધ્યમની શાળાનું ભૂમિપૂજનથી ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. સણોસરા ગામના જાણીતા દાતા સુંદરજી મૂળજી શાહના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં ઉપસ્થિત અગ્રણીઓએ સારા કાર્યોમાં સહાય સાથે રહેવાની ખાત્રી આપી હતી.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE,
SCRUTINIZE
& DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA